ખુલી રહ્યો છે
જ્ઞાન અને ઈનામોનો ભંડાર
ભાગ લેવા માટે
થઈ જાઓ તૈયાર
सत्यमेव जयते ગુજરાત સરકાર
आज़ादी का अमृत महोत्सव

# કોરોના વધ્યો : શહેરમાં નવા ૧૦ અને ગ્રામ્યમાં ૭ કેસ નોંધાયા

## સરગાસણ, પેથાપુરમાં 3-3 કેસ, સે. ૧૬, ૧૯, ૭ અને ૨૬માંથી કેસ મળ્યા : કલોલમાં આજે ૭ કેસ નોંધાયા : ડીંગુચામાં ૨, રાંચરડામાં ૪ અને શહેરમાં એક કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૧૦ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૭ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે.

કોરોનાના કેસોમાં વધ-ઘટ ચાલી રહી છે તેમજ લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યા છે અને લોકો કોરોનાની ગાઈડલાઈનના પાલનને લઈ જે બેદરકારી દાખવી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

શહેર-જિલ્લામાં આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૩ દર્દીઓ રિકવર થયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૫ દર્દીઓ રિકવર થયા છે. રિકવરી રેટ સારો છે તેમજ કોરોનાના લક્ષણો હળવા હોવાથી તંત્રને રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ તેમજ બાળકો કોરોનામાં સપડાઈ રહ્યા છે તે પણ તંત્રની ચિંતાનો મુદ્દો છે. ગઈ વખતની ત્રીજી લ્હેર દરમ્યાન જે વિસ્તારો સંવેદનશીલ હતા તે જ વિસ્તારોમાંથી વધુ કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સને વધુ સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલ ૧૦ કેસમાં પાંચ દર્દી મહિલા છે અને ત્રણ ટીનેજર્સ દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સરગાસણમાં ત્રણ, પેથાપુરમાં ત્રણ, ઉપરાંત સે. ૧૬, ૧૯, ૭ અને સે. ૨૬માંથી કેસ મળી આવેલ છે.

સરગાસણમાં ૩૯ વર્ષીય મહિલા, ૧૮ વર્ષીય કિશોરી અને ૯ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાં ૧૯ વર્ષીય કિશોર, ૩૦ વર્ષીય મહિલા, ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સે. ૧૬માં ૨૪ વર્ષીય યુવતી, સે. ૧૯માં ૨૭ વર્ષીય યુવાન, સે. ૭ માં ૫૫ વર્ષીય ગૃહીણી તેમજ સે. ૨૬માં ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૧૬ અને સે. ૧૯ના દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેરમાં ૬૯ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ કેસ નોંધાયેલ છે જેમાં ત્રણ મહિલા દર્દી છે.

ગ્રામ્ય વિસ્તારમાં સાતેય દર્દી કલોલ તાલુકામાં નોંધાયેલ છે. ડીંગુચામાં આજે બે દર્દી મળ્યા છે. જેમાં એક ૬ વર્ષના બાળકનો અને ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંચરડામાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત કલોલ અર્બન-૨ વિસ્તારમાં એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે ૫૪ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૭૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરાયા છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૪૧૯ કેસ

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં કોરોના સંક્રમણની આશંકા વચ્ચે નવા કેસમાં ફરી સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૧૯ કેસ સામે આવ્યા છે.

આ દરમિયાન મહેસાણામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ ૪૫૪ લોકો સાજા થયા છે. રાજ્યમાં નવા કેસ બાદ કુલ સંક્રમિતોનો આંકડો ૧૨ લાખ ૩૪ હજાર ૧૧૭ થઈ ગયો છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦ હજાર ૯૪૮ લોકોના મોત થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં ૧૫૦ નોંધાયા છે. તો સુરત શહેરમાં ૮૭, વડોદરા શહેરમાં ૨૯, મહેસાણામાં ૧૯, ભાવનગર શહેરમાં ૧૬, મોરબીમાં ૧૨, વડોદરા ગ્રામ્ય ૧૧, વલસાડ ૧, ગાંધીનગર શહેર ૧૦, સુરત ૯, રાજકોટ શહેર ૮, ભરૂચ ૭, ગાંધીનગર ગ્રામ્ય ૭, કચ્છ ૭, નવસારીમાં સાત કેસ સામે આવ્યા છે. રાજ્યના ૧૯ જિલ્લામાં કોરોનાના નવા કેસ નોંધાયા છે.

ગુજરાતમાં આજની તારીખે કોરોનાના એક્ટિવ કેસ ૩૫૧૨ છે, જેમાં એક દર્દી વેન્ટીલેટર પર છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી રાજ્યમાં ૧૨ લાખ ૧૯ હજાર ૬૫૭ લોકો સાજા થઈ ગયા છે.

# શહેરના મુખ્યમાર્ગો આસપાસ વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ

## સુકા પાંદડા સહીતનો કચરો લાઇનમાં ભરાઇ જતા પાણીનો નિકાલ અટકી જાય છે : ચોમાસા દરમિયાન તંત્ર દ્વારા લાઇન ખુલ્લી કરવા માટે સફાઇ હાથ ધરાઇ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે સ્ટોર્મ વોટર લાઇનની સફાઇ હાથ ધરવામાં આવી છે. અગાઉ શહેરના મુખ્યમાર્ગોને અનુલક્ષીને જ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા હતી જો કે બે વર્ષ અગાઉ સમગ્ર શહેરમાં નવી લાઇન નાંખવામાં આવી છે. જયારે હાલ શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત સ્ટોર્મ વોટર લાઇનની સફાઇ કરવામાં આવી રહી છે. જો કે હજુ ભારે વરસાદના સંજોગોમાં સેકટરોના આંતરિક વિસ્તાર અને કોમન પ્લોટસમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. ત્યારે આ મામલે પણ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થાય તે માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ ઉઠાવી છે.



શહેરમાં અગાઉ મુખ્યમાર્ગોને અનુલક્ષીને જ વરસાદી પાણીના નિકાલની લાઇનની સુવિધા હતી. જયારે કોર્પોરેશન દ્વારા સેકટરોમાં પણ નવી લાઇન નાંખવામાં આવતા સેકટરોના રીંગ રોડ આસપાસ પણ વરસાદી પાણીની નવી લાઇનના અંતે પાણીના ભરાવાની સમસ્યા હળવી થઇ છે. જો કે હજુ પણ ભારે વરસાદના સંજોગોમાં સેકટરોના કોમન પ્લોટસ સહીત કેટલાક નીચાણવાળા ભાગ અને આંતરિક માર્ગોના ઢોળાવ પર વરસાદી પાણી ભરાઇ જાય છે. આવા સંજોગોમાં વરસાદી પાણીના ભરાવાના લીધે કાદવ કિચ્ચડ અને ગંદકી સાથે મચ્છરોનો ઉપદ્રવ પણ વધતા શહેરીજનો દ્વારા આ સમસ્યા દુર કરવા માટે પણ વારંવાર રજુઆતો કરવામાં આવે છે. વરસાદી ઋતુને અનુલક્ષી તંત્ર દ્વારા દરવર્ષે પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવામાં આવે છે જયારે આ પ્લાન અન્વયે શહેરના સરકારી આવાસોમાં ધાબાની સફાઇ તેમજ પાણી નિકાલ માટે લાઇનની સફાઇ પણ કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વરસાદી પાણીના નિકાલ માટેની ચેમ્બરોની પણ સફાઇ કરવામાં આવે છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત આ ચેમ્બરમાં કચરો ભરાઇ જતા વરસાદી પાણીનો નિકાલ પણ અટકી જાય છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા હાલ લાઇનની સફાઇ હાથ ધરવામાં આવી છે. સ્ટોર્મ વોટર લાઇનમાંથી કચરાના ઢગ નિકળી રહ્યા છે. સુત્રોના જણાંવ્યા પ્રમાણે આસપાસના વિસ્તારમાંથી વૃક્ષોના સુકા પાંદડાઓ સહીતનો કચરો પણ સ્ટોર્મ વોટર લાઇનમાં આવી જાય છે. જેના લીધે ચોમાસા દરમિયાન લાઇનની સમયાંતરે સફાઇ કરવાની અનિવાર્ય બને છે.


# નિવૃત્ત સંયુક્ત સચિવ કે.જી. ચોકસીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૪

સરકારના નિવૃત્ત સંયુક્ત સચિવ તેમજ સામાજિક આગેવાન કે.જી. ચોકસીનું વલસાડ ખાતે ગઈકાલે મોડી રાત્રે દુઃખદ અવસાન થયુ છે.

સ્વ. કે.જી. ચોકસી એક નિષ્ઠાવાન અને ઉમદા અધિકારી તરીકેની છાપ ધરાવતા હતા. નિવૃત્તિ પહેલા તેઓ પંચાયત વિભાગમાં સંયુક્ત સચિવ પદે હતા. તેઓએ રાજ્ય મંત્રીમંડળમાં પણ અનેક મંત્રીઓ સાથે અંગત સચિવ તરીકેની જવાબદારી નિભાવી હતી.

સ્વ. કે.જી. ચોકસીએ તેમના મિલનસાર સ્વભાવથી એક આગવી ઓળખ ઉભી કરી હતી તેમજ શહેરમાં સામાજિક સેવામાં પણ તેમનું મહત્વનું યોગદાન રહ્યુ છે. તેઓ વિવિધ સામાજિક સંગઠનો સાથે પણ સંકળાયેલા હતા. સે. ૨૩માં તેજસ સોસાયટી ખાતે તેઓ રહેતા હતા. જો કે છેલ્લા



કેટલાક વર્ષથી તેમના દિકરાને ત્યાં વલસાડ સ્થિર થયા હતા. તેમનો દિકરો હાલ વલસાડ શહેર ભાજપના પ્રમુખ તરીકે સક્રિય છે.

સ્વ. ચોકસી શહેરની જાણીતી મહિલા સંસ્થા જ્યોતિ મહિલામંડળના સ્થાપક લત્તાબેન ચોકસીના પતિ થાય. સ્વ. ચોકસી પુત્રો ડૉ. સુનિલ ચોકસી, નિખીલ ચોક્સી, પુત્રી આશાબેન અડાલજા અને પત્ની લત્તાબેન સહિત પરિવારજનોને વિલાપ કરતા છોડી ગયા છે. પરિવાર દ્વારા સદ્‌ગત કે.જી. ચોકસીના પાર્થિવ દેહનું મેડીકલ કોલેજમાં દાન કરાયું હતુ.

કચ્છની ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)
કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસની આક્રમકતા સામે ભાજપની લૂલી સંરક્ષણાત્મક નીતિ

## બે વર્ષના અંતે પ્રમુખને ગાડી નહિ અને પંચાયતનું નવુ મકાન નહિ સરકાર તમારી હોવા છતાં આ સ્થિતિ -કોંગ્રેસ : મનરેગામાં માલસામાન સપ્લાય માટેની એજન્સી કૌભાંડનું નવુ સ્વરૂપ : અજીતસિંહ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસની આક્રમકતા સામે ભાજપની સંરક્ષણાત્મક રણનીતિ નબળી પડેલી જણાઈ હતી.

આજે બપોરે બે વાગે જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કોંગ્રેસે શરૂઆતથી જ આક્રમક તેવર અપનાવ્યા હતા. કોંગ્રેસના અજીતસિંહ રાઠોડે આજે આક્રમકતાનો પડકાર ઉપાડી લઈ ભાજપને ભીંસમાં લેવાની એક પણ તક જવા દીધી ન હતી.

જિલ્લા પંચાયતના કો.ઓપ્ટ સભ્ય ગણપતભાઈના પત્નીના થયેલા દુઃખદ અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવાની રજુઆત કરી અજીતસિંહે સૌને ચોંકાવી દીધા હતા. આ પછી બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

મનરેગામાં માલ સામાન પુરો પાડવાની એજન્સી નિયત કરવાના મુદ્દે અજીતસિંહે રૂ. ૭૦ લાખના ભ્રષ્ટાચારની વાત કરી હતી. તેમણે માણસામાં થઈ રહેલ રીંગ અને કટકીને લઈ જવાબદારો સામે પગલાં લેવા માંગ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે કરાર આધારિત કર્મચારી આ આખીય પ્રક્રિયામાં સંકળાયેલા છે તેમ પણ કહ્યુ હતુ.

તેમણે કામ સરપંચો કરે છે અને મંજૂરી અધિકારીઓ આપે છે તો શ્રમિકો પરસેવો પાડે છે જ્યારે માલ સામાન કામના સ્થળે મહોંચતો જ નથી.

અજીતસિંહ રાઠોડ આજે સાવ જુદા જ લડાયક મૂડમાં દેખાયા હતા. તેમણે અધિકારીઓને ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ખર્ચ નહિ થતો હોવાની વાત પણ રજુ કરી હતી. અજીતસિંહે આજે પ્રશ્નોત્તરી દરમ્યાન તાલુકાના કર્મચારી તાલુકામાં જ રહે તેવી બદલીની નીતિ સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રશ્નોત્તરીના સમયમાં અજીતસિંહે પ્રા. શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ માટે પ્રધાનમંત્રી મોદીના સ્વપ્નનો ઉલ્લેખ કરી આ અંગે ગ્રામ્ય વિસ્તારમાં ઝડપથી કોમ્પ્યુટર ફાળવવા માંગ કરી હતી એટલુ જ નહિ તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓ અને નેતાના છોકરા ખાનગી શાળામાં ભણે છે પણ ગરીબોના છોકરા સરકારી શાળામાં ભણે છે તેમને અન્યાય ન કરી શકાય. પ્રા. શાળાના ખૂટતા વર્ગખંડોને લઈ પણ તેમણે પ્રશ્નોની ઝડીઓ વરસાવી હતી.

આજની સામાન્ય સભામાં વિકાસ કામોની ગ્રાન્ટની ફાળવણી મુદ્દે વિપક્ષી નેતા રશ્મિનજી ઠાકોરે પણ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

તેમણે એક તબક્કે એવુ કહ્યું કે વિકાસની ગ્રાન્ટમાંથી કલોલમાં બે બેઠકો પર જ કામ થાય છે તો ૨૦૨૨માં મત કેવી રીતે લેવા જશો. સંતુલિત વિકાસની વાતો કરતા હતા તે ભૂલી ગયા.

ભાજપના કલ્પેશ પટેલ, ગુણવંતસિંહ ચાવડાએ તેમને પ્રત્યુત્તર આપવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે રશ્મિનજી અકળાયા હતા અને કહ્યુ હતુ કે મારે ગ્રાન્ટ જોઈતી નથી, પણ તમે મત

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૫ તાલુકામાં વરસાદ

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૫૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે વરસાદ નવસારી શહેરમાં ૬૧ એમ.એમ. નોંધાયો છે. સોમવારે સવારે છ વાગ્યા પુરા થતાં ઝોન પ્રમાણે વરસાદની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં કચ્છમાં સરેરાશ ૦ એમ.એમ. વરસાદ પડ્યો છે. આ સાથે અહીં સિઝનનો કુલ ૭.૬૯ ટકા વરસાદ પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં સરેરાશ ૭.૨૪ એમ.એમ.

## નવસારીમાં ૨.૫ ઇંચ વરસાદ : રાજ્યના ૨૩ તાલુકામાં એક ઇંચ કરતા વધારે વરસાદ

૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૩ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ થયો છે. જ્યારે બે તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ થયો છે. મહેસાણાના સતલાસણમાં ૬૦ એમ.એમ., સાબરકાંઠાના વડાલીમાં ૪૫ એમ.એમ., માંગરોળમાં ૪૧ એમ.એમ., સુરતના માંડવીમાં ૩૯ એમ.એમ., વિજયનગરમાં ૩૮ એમ.એમ., મહીસાગરના વિરપુરમાં ૩૮ એમ.એમ. વરસાદ પડ્યો છે. રવિવારે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૩૧ જિલ્લામાં રવિવારે વરસાદ નોંધાયો હતો. આ સાથે જ ગુજરાતમાં અત્યારસુધી સિઝનનો ૧૪.૭૨ ટકા વરસાદ પડ્યો છે.

વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો કુલ ૧૦.૪૫ ટકા વરસાદ વરસી ગયો છે. પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૨૪ કલાકમાં સરેરાશ ૪.૪૨ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો કુલ ૧૦.૩૯ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રમાં ૨૪ કલાક દરમિયાન સરેરાશ ૫.૭૯ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો ૧૬.૨૩ ટકા વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ૨૪ કલાકમાં સૌથી વધારે સરેરાશ ૧૫.૭૦ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો સૌથી વધારે ૧૮.૫૦ ટકા વરસાદ વરસી ગયો છે. ગુજરાતમાં અત્યારસુધી સરેરાશ ૧૨૫.૧૪ એમ.એમ. વરસાદ પડ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગટર લાઈનના ખોદકામ બાદ વરસાદમાં ગાબડા નિવારવા માટી અને કપચીથી પુરાણ કરાયુ

## સે-૨૮ અને સે-૨૯ માં નવી ગટર લાઇન નાંખવા ખોદકામ બાદ યોગ્ય પુરાણ થાય તે માટે જે સી બી સહીત તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી અને ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે જયારે સેકટરોમાં હાલ આ અન્વયે ઠેર ઠેર ખોદકામ પણ ચાલી રહ્યુ છે. જો કે બીજીતરફ વરસાદી દિવસો શરૂ થતા ખોદકામ બાદ માટી પોલાણ થવાના કિસ્સા પણ સ્થાનિકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. સે-૨૮ અને સે-૨૯ માં ગટર લાઈનના ખોદકામ બાદ તંત્ર દ્વારા રહેણાંક વિસ્તાર નજીક વરસાદી દિવસોમાં જોખમી સ્થિતિ ઉભી ન થાય તે માટે માટી અને ડામર કપચીના આધારે યોગ્ય પુરાણ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાણીની નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે પાણીની સાથે સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન પણ નવી નાંખવામાં આવી રહી છે. મોટાડાયામીટર ધરાવતી લાઈન નાંખવા માટે સે-૨૮ અને સે-૨૯ માં હાલ ખોદકામ પણ ચાલી રહ્યુ છે. બીજીતરફ વરસાદી દિવસોની શરૂઆત પણ થઈ ગઈ છે. જેના લીધે ખોદકામના અંતે માટી



પોલાણના લીધે સ્થાનિકો વારંવાર પરેશાન થતા તંત્રએ આ હેરાનગતિ દુર કરવા માટે યોગ્ય પુરાણ કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરી છે. બે ત્રણ વર્ષ અગાઉ કોર્પોરેશન કક્ષાએથી શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી ત્યારે વરસાદના સંજોગોમાં સેકટરે સેકટરે ભયજનક સ્થિતિ સર્જાઈ હતી. મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com